# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત અધિનિયમ નં. ૨૩/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[Established vide Government of Gujarat Act No. 23/2015 ]


**પરીપત્ર:**

**વિષય: સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ બાબત**

**સંદર્ભ: કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણ તથા કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ કચેરીના પત્ર ક્રમાંક: સીટીઈ/ સીએચઈ/સ્વચ્છતા–અભિ/૨૦૨૩/૬૩૭૫ તા.૧૭/૧૦/૨૦૨૩**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે બીજી ઓકટોબર, મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટે જનઆંદોલન માટે આહવાન કરવામાં આવેલ છે આ દિવસને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જે અનુસંધાને સ્વચ્છતા એ જ સેવા અંતર્ગત રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવા બાબતે આ સાથે સામેલ પરિપત્ર અનુસાર તમામ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અનુરૂપ કામગીરી કરવા અને શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓમાં સંકુલની સ્વચ્છતા અંગે જાગૃતિ આવે અને પર્યાવરણ જાળવણીની ભાવના કેળવાય તેવી પ્રવૃતિઓ હાથ ધરવા અનુરોધ કરવામાં આવે છે.

**પરીપત્રમાં દૈનિક પ્રવૃતિઓના સમયસર અને અસરકાર રીર્પોટીગ માટે**

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ ગુગલ લીકમાં દરેક શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા દૈનિક રીર્પોટીગ દરરોજ બપોરે ૨:૦૦ કલાક પહેલા કરવાનું રહેશે.
- https://docs.google.com/forms/d/e/1FAIpQLSe3Sf7hOm_QoG2q87LJDSNLD5CZT5RXA7wLOR8rppDCOpsfJw/viewform?usp=sf_link
- વધુમાં નીચે આપેલ ગુગલ લીક(ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ) પર આપના જિલ્લાના ફોલ્ડરમાં તારીખ મુજબ ફોલ્ડરમાં આપની સંસ્થા દ્વારા હાથ ધરાયેલ પ્રવૃતિઓના ફોટોગ્રાફ અપલોડ કરવાના રહેશે.
- https://drive.google.com/drive/folders/1ZA5IhenQXOdzsLXbWdMzs4eZ-dhmJk3y?usp=drive_link
- સદર સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત હાથ ધરવામાં આવેલ પ્રવૃતિઓની વિગતો COGENT પોર્ટલ પર https://bit.ly/add_swachhta_hi_seva_activity મારફતે સબમીટ કરવાની રહેશે.

ડૉ. ડી. એચ. સુખડીયા

**કા.કુલસચિવ**

ક્રમાંક:બીકેએનએમયુ/રજી/૨૫૬/૨૦૨૩

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

સરકારી પોલીટેકનીક કેમ્પસ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,

ખડીયા,જુનાગઢ. તા.૧૮/૧૦/૨૦૨૩

**પ્રતિ,**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:**

- માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
- સીસ્ટમ મેનેજરશ્રી, આઈ.ટી. વિભાગ (જરૂરી કાર્યવાહી અર્થે)

ક્રમાંક : સીટીઈ/સીએચઈ/સ્વચ્છતા-અભિ/૨૦૨૩/ ६૩૯૫
કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી
કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી,
ગાંધીનગર
તા. 17 OCT 2023

*વંચાણે લીધો :* *શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા થયેલ તા.૧૦/૧૦/૨૦૨૩નો સંયુક્ત ઠરાવ ક્રમાંક:-એસબીએમ/૧૦૨૦૨૩/૯૪૫/થ૧*

## પરિપત્ર

ભારત સરકારશ્રી દ્વારા બીજી ઑક્ટોબર, મહાત્મા ગંધીજીની જન્મ જયંતિ નિમિત્તે શ્રધ્ધાંજલીરૂપે સમગ્ર ભારતમાં સ્વચ્છતા મટેના જનાઅંદોલન માટે અહવાહન કરવામાં આવેલ. આ દિવસને સ્વચ્છ ભારત દિવસ તરીક ઉજવવામંમાં આવે છે. જે અનુસંધાને સ્વચ્છતા એ જ સેવા અંતર્ગત રાજ્યના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવા બાબતના ઉક્ત વંચાણે લીધેલ ઠરાવ મુજબની વિવિધ પ્રવૃત્તિઓ પૈકી રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અનુરૂપ નીચે મુજબની કામગીરી હાથ ધરાય તે સુનિશ્ચિત કરવા જણાવેલ છે.

| ઠરાવ મુજબનો ક્રમ | તારીખ | પ્રવૃત્તિની વિગતો |
|---|---|---|
| ૪ | તા.૨૩/૧૦/૨૦૨૩ થી તા.૨૮/૧૦/૨૦૨૩ | તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, બિલ્ડીંગો, શાળા કોલેજો, આંગણવાડીઓની સફાઇ |
| ૬ | તા.૩૦/૧૦/૨૦૨૩ થી તા.૦૪/૧૧/૨૦૨૩ | તમામ સરકારી કચેરીઓના રેકર્ડ વર્ગીકરણ, ભંગારનો નિકાલ, જુના વાહનોની હરાજીની કામગીરી |

જે અનુસંધાને રાજ્યની ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ અંતર્ગતની શૈક્ષણિક સરકારી તથા અનુદાનિત સંસ્થાઓ તથા યુનિવર્સિટીઓ દ્વારા ઉક્ત ઠરાવ મુજબ ક્રમ (૪) અને (૬) અન્વયે સ્વચ્છતા સંબંધી નીચે મુજબની પ્રવૃત્તિઓ દર્શાવેલ સમયગાળા દરમિયાન વિશેષ ઝુંબેશ તરીકે તથા તે સિવાય પણ નિયમિત ધોરણે હાથ ધરાય તે મુજબનું આયોજન કરવાનું રહેશે.

1. શૈક્ષણિક સંકુલ/પરિસર તેમજ શૈક્ષણિક સંસ્થાઓ/કચેરીઓની નિયમિત ધોરણે સાફ-સફાઈ અને સ્વચ્છતા જાળવી રાખવાની રહેશે. સંકુલમાં આવેલ બગીચા, મેદાન અને અન્ય સુવિધાઓ જેવી કે કેન્ટીન, હોસ્ટેલ, પુસ્તકાલય વગેરેની સાફ-સફાઈ નિયમિત થતી રહે તેની જાળવણી રાખવાની રહેશે.
2. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની જરૂર જણાયે મદદ લઈ તેમની સાથે સંકલન સાધી સ્વચ્છતાની કામગીરી સતત થતી રહે તેની તકેદારી રાખવાની રહેશે.
3. શૈક્ષણિક સંકુલ/પરિસરમાં ચોક્કસ અંતરે કચરાપેટીઓ મૂકવાની રહેશે તેમજ સૂકા અને ભીના કચરા માટે અલગ અલગ કચરાપેટીઓ રાખી કચરાનો યોગ્ય રીતે નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
4. શૈક્ષણિક સંકુલ/પરિસરમાં વિદ્યાર્થીઓ માટે પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
5. શૈક્ષણિક સંકુલ/પરિસરમાં આવેલ શૌચાલયોની સફાઈ દરરોજ થતી રહે અને ગંદા પાણીના નિકાલ માટેની ગટર વ્યવસ્થા સતત કાર્યરત રહે તેની કાળજી લેવાની રહેશે.
6. વીજબચતના ભાગરૂપે વીજ ઉપકરણો જેવા કે પંખા, બલ્બ, ટ્યુબલાઈટ, સ્વીચ-બોર્ડ વગેરેની સાફ-સફાઈ થતી રહે તેમજ જરૂરિયાત પૂરતા વીજ ઉપકરણોનો વપરાશ થતો રહે વગેરે પગલાંઓ હાથ ધરવાના રહેશે.
7. બિન-ઉપયોગી સાધન-સામગ્રી અને પસ્તીનો સમયે સમયે નિકાલ કરી સંકુલ/પરિસરને સુઘડ રાખવાનું રહેશે.
8. શૈક્ષણિક સંકુલ/પરિસર "સિંગલ-યુઝ પ્લાસ્ટિક" મુક્ત બને તેમજ પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ માટેની વ્યવસ્થા કરવાની રહેશે.
9. શૈક્ષણિક સંકુલ/પરિસરમાં ઘણા લાંબા સમયથી બિન-ઉપયોગી પડતર હોય તેવી સાધન-સામગ્રીઓ/પસ્તીઓનો યોગ્ય પ્રક્રિયા દ્વારા નિકાલ કરી સંકુલ/પરિસરને સ્વચ્છ અને સુઘડ રાખવાનું રહેશે.
10. શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓમાં સંકુલની સ્વચ્છતા અંગે જાગૃતિ આવે અને પર્યાવરણ જાળવણીની ભાવના કેળવાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવાની રહેશે.

11. રેકોર્ડ વર્ગીકરણ અને ભંગારના નિકાલ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

વંચાણે લીધેલ ઠરાવમાં સૂચવેલ દૈનિક પ્રવૃતિઓના સમયસર અને અસરકારક રિપોર્ટિંગ માટે

૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તૈયાર કરવમાં આવેલ ગૂગલ લિંકમાં દરેક શૈક્ષણિક સંસ્થા/યુનિવર્સિટી દ્વારા દૈનિક રિપોર્ટિંગ દરરજો ૧૪:૦૦ કલાક પહેલા કરવાનું રહેશે.

https://docs.google.com/forms/d/e/1FAIpQLSe3Sf7hOm_QoG2q87LJDSNLD5CZT5RXA7wLOR8rppDCOpsfJw/viewform?usp=sf_link

૨) વધુમાં નીચે આપેલ ગૂગલ લીંક (ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ) પર આપના જિલ્લાના ફોલ્ડરમાં તારીખ મુજબના ફોલ્ડરમાં આપની સંસ્થા દ્વારા હાથ ધરાયેલ પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ અપલોડ કરવાના રહેશે.

https://drive.google.com/drive/folders/1ZA5IhenQX0dzsLXbWdMzs4eZ-dhmJk3y?usp=drive_link

૩) સદર સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓની વિગતો COGENT પોર્ટલ પર https://bit.ly/add_swachhta_hi_seva_activity મારફતે સબમીટ કરવાની રહેશે. આ સંકલિત માહિતીનો અહેવાલ ડૉ. એન. એમ. ભટ્ટ, પ્રાધ્યાપક, એલ. ઈ. કોલેજ, મોરબી & G–20 Coordinator તથા ડૉ. ડી. આર. શાહ, પ્રાધ્યાપક, સ.ઇ.કો., દાહોદ & G–20 Coordinator દ્વારા દૈનિક ધોરણે ઉચ્ચ શિક્ષણ તથા ટેકનિકલ શિક્ષણની કચેરીને રજૂ કરવાનો રહેશે.

વધુમાં, સંસ્થા તથા યુનિવર્સિટી ખાતે પ્રત્યેક મહિનાના પ્રથમ શનિવારને "સ્વચ્છતા દિવસ" તરીકે ઉજવી તે અંતર્ગત ઝુંબેશ સ્વરૂપે સ્વચ્છતા અન્વયેની વિશેષ પ્રવૃત્તિઓ હાથ ધરાય તે મુજબનું આયોજન કરવાનું રહેશે.

આ સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગતની પ્રવૃત્તિઓ સુચારુરૂપે સંસ્થાઓ તથા યુનિવર્સિટીઓ ખાતે હાથ ધરાય તે માટે નીચે દર્શાવેલ અધિકારીશ્રીઓ કો–ઓર્ડીનેટર તરીકે કામગીરી કરશે.

૧) શ્રી નારાયણ માધુ, જોઇન્ટ કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર

૨) ડૉ. વી. વી. પ્રજાપતિ, સંયુક્ત નિયામકશ્રી, ટેકનિકલ શક્ષણની કચેરી, ગાંધીનગર

નિયામક
ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર

કમિશનર
ટેકનિકલ શિક્ષણ, ગાંધીનગર

*બિડાણ : વંચાણે લીધેલ ઠરાવ*

*પ્રતિ*

- *ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ અંતર્ગત આવેલ સરકારી તથા અનુદાનિ શૈક્ષણિક સંસ્થાઓ તથા યુનિવર્સિટીઓ*

*નકલ રવાના પ્રતિ*

- *જોઇન્ટ જોઇન્ટ કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર તરફ સંબંધિત સંસ્થાઓ તથા યુનિવર્સિટીને આ પરિપત્ર મોકલી આપવા સારુ*
- *સંયુક્ત નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર તરફ સંબંધિત સંસ્થાઓ તથા યુનિવર્સિટીને આ પરિપત્ર મોકલી આપવા સારુ*

સ્વચ્છતા એ જ સેવા અંતર્ગત હેઠળ રાજ્યના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુબેશનું આયોજન કરવા બાબત

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એસબીએમ/૧૦૨૦૨૩/૯૪૫/થ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૧૦/૨૦૨૩

**ઠરાવ:**

ભારત સરકારશ્રી દ્વારા ૨,જી ઓક્ટોબર,મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી આહવાન કરવામાં આવેલ. આ દિવસને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનાં ભાગરૂપે સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અને શહેરી દ્વારા તા.૧૫,સપ્ટેમ્બરથી તા.૨,ઓક્ટોબર ૨૦૨૩ સુધી સંયુક્ત રીતે સ્વચ્છતા હી સેવા પખવાડિયાનું આયોજન કરવામાં આવેલ હતું. સ્વચ્છતા એ જ સેવાના ભાગરૂપે રાજ્યમાં થી તા. ૧૫ સપ્ટેમ્બર થી તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ સુધી રાજ્યવ્યાપી સ્વચ્છતા અભીયાન સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યું છે.રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશને વધુ અસરકારક બનાવવા આગામીસમયમાં દૈનિક ધોરણે નીચે મુજબ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાનું આથી ઠરાવવામાં આવે છે.

- સ્વચ્છતા એ જ સેવાના રાજયમાં અસરકારક અમલીકરણ માટે મિશન ડાયરેકટરશ્રી, સ્વચ્છ ભારત મિશન( શહેરી),ગાંધીનગરને શહેરી વિસ્તાર માટે તથા સ્પેશયલ કમિશનરશ્રી, ગ્રામ વિકાસને ગ્રામ્ય વિસ્તાર માટે નોડલ અધિકારી તરીકે નિયુકત કરવામાં આવે છે.
- તમામ શહેરી વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારમાં મહાનગરપાલિકાની સીમાથી ૫ કિ.મીની ત્રિજયામાં તથા નગરપાલિકાઓ અને ગ્રામ્ય વિસ્તારની ૨ કી.મી સુધીમાં તમામ પ્રવેશ માર્ગોની એક વાર ઝુંબેશ તરીકે અને ત્યાર બાદ દર અઠવાડિએ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવી.
- ડોર ટુ ડોર વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા સંબધિત વિભાગની સુચનાઓ મુજબ કચરા એકત્રીકરણની પ્રવૃત્તિ વધુ સઘન બનાવવાની રહેશે.
- આ ઉપરાંત કચરાના વર્ગીકરણ અને આખરી નિકાલની વ્યવસ્થા સુચારૂ બનાવવાની પ્રક્રિયા શરૂ કરવાની રહેશે.

Scanned with CamScanner

- ગ્રામ્ય તથા શહેરના તમામ વિસ્તારોમાં જેવા કે, બસ સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન વિસ્તાર, મંદિર, બાગ બગીચા, ટુરિસ્ટ પ્લેસ,રોડ જંકશન વગેરે તમામ જાહેર જગ્યાઓ પર સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવી તેમજ કોઈ પણ સ્થાન ઉપર કચરો ન દેખાય તેણી ખાસ કાળજી રાખવી.
- ઘર થી લઇ માર્કેટ સુધી ઉત્પન્ન થતા કચરાનું તેજ દિવસે ડમ્પ સાઈટ ઉપર યોગ્ય નિકાલ કરવો.
- ગ્રામ્ય વિસ્તારમાં ઉકરડાના આખરી નિકાલ માટે ગોબરધનની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.
- ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં વોર્ડ અધિકારી/કર્મચારી કાઉન્સિલરશ્રી, પ્રમુખશ્રી, ધારાસભ્યોશ્રીઓ, સરપંચ, સભ્યોને સ્વચ્છતાની પ્રવૃતિમાં જોડવા અને વોર્ડ દીઠ જવાબદારી ગોઠવાય તેવું આયોજન કરવું.
- ગ્રામ્ય તથા શહેરમાં કોઈ પણ કચરાના ઢગલા ના દેખાય તે માટેનું આયોજન કરવું.
- સંબધિત તમામ વિભાગના જીલ્લા/તાલુકા/ગ્રામ્યકક્ષામાં સફાઇ કામગીરીનું અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે તથા સફાઇ કામગીરીના સ્થળોની મુલાકાત લેવાની રહેશે.
- જીલ્લા/તાલુકા/રાજ્ય કક્ષાના પદાધિકારીઓ, સ્થાનીક સંસ્થાઓના પ્રમુખશ્રીઓ, સખી મંડળો, એન.સી.સી, એન.એસ.એસ,આર.ડબ્લ્યુ.એ, એન.જી.ઓ વગેરેને સ્વચ્છતા અંગેની કામગીરીમાં સામેલ કરવા અને સ્વચ્છતા એ જ સેવા અંગેના પ્રસાર–પ્રચારમાં સહભાગી બનાવવા.
- કમિશ્નરશ્રી અને ચીફ઼ ઓફિસરશ્રીઓ શહેરની સ્વચ્છતા બાબતે દૈનિક ધોરણે સવારમાં વિઝીટનું આયોજન કરવું.ગ્રામ્ય સ્વચ્છતા માટે જિલ્લા અને તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ જિલ્લા અને તાલુકાના પંચાયત, સ્વચ્છતા અને જાહેર આરોગ્ય સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓ દ્વારા વિઝીટનું નિયમિત આયોજન કરવું.
- રાજયની તમામ જિલ્લા કચેરીઓ/તાલુકા કચેરીઓ/પંચાયત કચેરીઓ/ શૈક્ષણિક સંસ્થાઓ/બોર્ડ નિગમો/સ્વાયત્ત સંસ્થાઓએ સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અનુરૂપ દર સપ્તાહે નીચે મુજબની કામગીરી હાથ ધરાય તે સુનિશ્વિત કરવાનું રહેશે.

| ક્રમ | તારીખ | પ્રવૃત્તિની વિગતો |
|---|---|---|
| ૧ | તા.૧૫/૧૦/૨૦૨૩ (રવિવાર) | ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશનની સફાઇ |
| ૨ | તા. ૧૬ /૧૦/૨૦૨૩ થી તા. ૨૧/૧૦/૨૦૨૩ | શહેર અને ગ્રામ્ય વિસ્તારના તમામ મ્યુઝીયમ,હેરીટેજ બિલ્ડીંગ, પુરાતત્વીય સાઈટ, મહાપુરુષોની પ્રતિમા, નદી, તળાવ, પાણીના સ્ત્રોતો, સમુદ્ર કિનારાની સફાઈ |
| ૩ | તા.૨૨/૧૦/૨૦૨૩ (રવિવાર) | શહેર તથા ગ્રામ્યના તમામ ધાર્મિક સ્થળો, મ્યુઝીયમ, પ્રવાસન સ્થળોની સાફ સફાઇ |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૪ | તા. ૨૩ /૧૦/૨૦૨૩ થી<br>તા. ૨૮/૧૦/૨૦૨૩ | તમામ શૈક્ષણિક સંસ્થાઓ,યુનીવર્સીટી, બિલ્ડીંગો. શાળા કોલેજો, આંગણવાડીઓની સફાઈ |
| ૫ | તા.૨૯/૧૦/૨૦૨૩<br>(રવિવાર) | ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના અવિકસિત અને અનિયમિત વિકસિત એરીયાની સાફ સફાઇ તેમજ બિલ્ડીંગ કાટમાળને રીસાઇકલ કરી ફરી રીયુઝ કરવાની વ્યવસ્થા ગોઠવવી. |
| ૬ | તા. ૩૦ /૧૦/૨૦૨૩ થી<br>તા.૦૪/૧૧/૨૦૨૩ | તમામ સરકારી કચેરીઓના રેકર્ડ વર્ગીકરણ, ભંગારનો નિકાલ, જુના વાહનોની હરાજીની કામગીરી હાથ ધરવી |
| ૭ | તા.૦૫/૧૧/૨૦૨૩<br>(રવિવાર) | ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની તમામ સરકારી કચેરીઓની સાફ સફાઇ |
| ૮ | તા. ૬ /૧૧/૨૦૨૩ થી<br>તા. ૧૧/૧૧/૨૦૨૩ | શહેરના તમામ ફલાય ઓવર,બસ સ્ટેન્ડ,રેલ્વે સ્ટેન્ડ સફાઇ, ગ્રામ્ય વિસ્તારમાં ગાંડા બાવળનું પ્રુનીંગ તેમજ ચારકોલ/કોલ બનાવવા માટેની વ્યવસ્થા ગોઠવવી. |
| ૯ | તા.૧૨/૧૧/૨૦૨૩<br>(રવિવાર) | પોલીસ સ્ટેશનો, પોલીસ લાઇન, કોર્ટ સંકુલો, સરકારી રહેણાંકની વસાહતો, હાઉસીંગ સોસાયટીઓ વગેરેની સાફ સફાઈ |
| ૧૦ | તા. ૧૩ /૧૧/૨૦૨૩ થી<br>તા. ૧૮/૧૧/૨૦૨૩ | દિવાળી નિમિતે ફટાકડાના કચરાનો નિકાલ , જાહેર રસ્તાઓની સફાઈ |
| ૧૧ | તા.૧૯/૧૧/૨૦૨૩<br>(રવિવાર) | સિંગલ યુઝ પ્લાસ્ટીક અંગેની જાગૃતિ અને કલેકશન ડ્રાઇવ હાથ ધરવી, એક્યુલન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું રીનોવેશન, અપગ્રેડેશન વગેરે કામગીરી. |
| ૧૨ | તા. ૨૦ /૧૧/૨૦૨૩ થી<br>તા. ૨૫/૧૧/૨૦૨૩ | ગ્રામ્ય તથા શહેરી શાકભાજી માર્કેટ ,APMC, બાગ બગીચાઓની સફાઈ તેમજ ભીના કચરામાંથી ખાતર બનાવા કમ્પોસ્ટ મશીનો/ અન્ય સુવિધાની શરુઆત કરવી. |
| ૧૩ | તા.૨૬/૧૧/૨૦૨૩<br>(રવિવાર) | ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના તમામ જાહેર અને સામુદાયીક શૌચાલયોનું રીપીરીંગ અને સાફ સફાઇ હાથ ધરવી |
| ૧૪ | તા. ૨૭/૧૧/૨૦૨૩ થી<br>તા. ૦૨/૧૨/૨૦૨૩ | શહેર તથા ગ્રામ્ય વિસ્તામાં આવેલ રાજયના ધોરી માર્ગો, રાષ્ટ્રીય ધોરી માર્ગો, રીંગ રોડની સાફ સફાઇ કરવી, ટ્રાફીક સાઇનેજ અધત્તન કરવા, ફુટપાથ રીપેરીંગ, ડીવાઇડર રંગ રોગાન કરવા.ગાંડા બાવળ દૂર કરવા. |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૧૫ | તા.૩/૧૨/૨૦૨૩ (રવિવાર) | ગ્રામ્ય તથા શહેરીના તમામ એન્ટ્રી પોઈન્ટ થી ૫ કિમીમાં વિસ્તારમાં તથા વોટર બોડીઝ,ઘાટ અમૃત સરોવરનીસઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવી.આ ઉપરાંત શહેરી વિસ્તારમાં ગટર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગ્રે વોટરના ટ્રીટમેન્ટ બાદ રીયુઝ અને આખરી નિકાલની વ્યવસ્થા ગોઠવવી. |
| ૧૬ | તા. ૦૪ /૧૨/૨૦૨૩ થી તા. ૯/૧૨/૨૦૨૩ | ગ્રામ્ય તથા શહેરની તમામ હોસ્પિટલો, ખાનગી તથા સરકારી દવાખાના, PHC.CHC. અર્બન હેલ્થ સેન્ટરની સફાઈ |
| ૧૭ | તા.૧૦/૧૨/૨૦૨૩ (રવિવાર) | ગ્રામ્ય તથા શહેરની મુખ્ય સીવીલ હોસ્પિટલની સાફ સફાઇ હાથ ધરવી |
| ૧૮ | તા. ૧૧ /૧૨/૨૦૨૩ થી તા. ૧૬/૧૨/૨૦૨૩ | ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના પીવાના પાણીના ઓવરહેડ ટાંકા,ફીલ્ટરેશન પ્લાન્ટ અને કાંસની સાફ સફાઇ |

- દૈનિક ધોરણે દિવસ દરમ્યાન હાથ ધરેલ કામગીરીની વિગતો બપોરે ૩:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીને ઉકત ફોરમેટમાં મોકલી આપવી તેમજ Before અને After નાં ફોટોગ્રાફ પોર્ટલ ઉપર અપલોડ કરવા.
- રોડ રસ્તા રીપેરીંગ, ગાર્ડન સુશોભન,ટ્રી કલર, પટ્ટી લગાવવી, બિલ્ડીંગની સાફ સફાઇ, રંગરોગાન, ટાંકી વગેરેની સાફ સફાઇ કરવી.
- દૈનિક ધોરણે દિવસ દરમ્યાન હાથ ધરેલ કામગીરીની વિગતો સોશીયલ મીડિયા ઉપર અપલોડ કરવી.
- ગ્રામ્ય કક્ષાએ દ્વારા હાથ ધરવામાં આવનાર કાર્યવાહીની વિગતો દૈનિક ધોરણે તાલુકા કક્ષાએ સંકલિત કરી સ્પેશયલ કમિશનરશ્રી, ગ્રામ વિકાસ તેમજ અધિક વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગરને તથા શહેરી વિસ્તાર માટે મિશન ડાયરેકટરશ્રી, સ્વચ્છ ભારત મિશન( શહેરી), ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં ઉપરોક્ત સુચવ્યા મુજબની તમામ કામગીરી હાથ ધરી કરેલ કાર્યવાહીની વિગતો મોકલી આપવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મોના ખંધાર)
અગ્રસચિવ
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રા. વિ વિભાગ
ગુજરાત સરકાર

(સહી)
(અશ્વિની કુમાર)
અગ્રસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ગુજરાત સરકાર

Scanned with CamScanner

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મુખ્યસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના અંગત મદદનીશ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(હા. અને નિ.ગુ)ના અંગત મદદનીશ,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓ,સચિવાલયના તમામ વહીવટી વિભાગો તરફ...તાબા હેઠળની તમામ કચેરીઓને સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ મુજબની કામગીરી કરાવવા સારૂં.
- કલેકટરશ્રી, તમામ જિલ્લા.....
- જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, તમામ......
- કમિશનરશ્રીઓ, તમામ મહાનગરપાલિકાઓ.....
- કમિશનરશ્રી, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર
- પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓ તમામ ઝોન, તમામ નગરપાલિકાઓને જાણ કરવા સારૂં.
- મિશન ડાયરેકટરશ્રી, સ્વચ્છ ભારત મિશન(શહેરી), ગાંધીનગર
- સિલેકટ ફાઇલ

Scanned with CamScanner